અકબરનો દરબાર.

ઉખાણા,
કહાણી, મશ્કરી,
અને
મીઠી મીઠી કંઈ કંઈ વાતો.

પ્રગટ કર્તા.

કંસારીયા બ્રધર્સ.

નડીઆદ.

સંવત ૧૯૫૫. પ્રત ૨૦૦૦.

કીમત રૂ. ૦-૧-૦

૭૦૧૮.

શ્રી નવીન

આધુનિક સંસારિક સબંધનું [illegible]

મોજીલાલ.

દરેક ગ્રહસ્થ કુટુમ્બમાં ઘેરેઘર વંચાય છે.

મોજીલાલમાં શું છે ?

શ્રીમંતાઇથી શોખ શોખથી સત્યાનાશ, ઉદય પછી અસ્ત, ભરતી પછી ઓટ, સુખ પછી દુખ, લડકા ઓથે વાહળી જ્ઞાન સાથે ગમ્મત, અને એવી એવી અસંખ્ય બોધદાયક દલીલોનું અચ્છુ ધ્યાન. બાળકોના કુમળા હૃદ ક્ષેત્રમાં જ્ઞાન નિતિનાં બીજ રોપી બાળકોની ભવિષ્યની જીંદગી સુખરૂપ બનાવે છે.

હાથ કંકણને આરશીની જરૂર નથી.

તેવીજ રીતે ગુજરાતી ભાષામાં સરળ બંધારણમાં રચાયલાં આ રસીક નોવેલને માટે વધુ પ્રશંસાની જરૂર નથી. કીંમત માત્ર રૂ. ॥.

પ્રકટ કર્તા.

મેસર્સ. કંથારીઆ બ્રધર્સ. નડીયાદ.

અક્કલનો ઇસ્કોતરો,

(૧)

એક વાર ગણદેવીની એક ગામડી નીશાળમાં મહેતાજીએ પોતાના વર્ગમાં એક નાના નીશાળીઆને પુછ્યું કે છોકરા તને કોઇ પુછે કે તું કેની નીશાળે જાય છે. તો તું કોનું નામદે વારૂ.

છોકરો—આપનું સાહેબ.

મહેતાજી—પણ મારૂં નામ શું ?

છોકરો—મહેતાજી સાહેબ.

મહેતાજી—પણ મુરખ મહેતાજીનું નામ શું ?

છોકરો—તે તો મને ખબર નથી.

મહેતાજી—જો ત્યારે યાદ રાખ. મારૂં નામ બેચર મહેતાજી બેવકુફ, આટલા મહીના થયા નીશાળે ધક્કા ખાયછે અને મારૂં નામ પણ જાણતો નથી ? હવે ગોખી રાખજે પછી થોડીવારે.

મહેતાજી કહે—કેમ છોકરા હવે તો તને મારૂં નામ બરાબર યાદ રહ્યું ને ? બોલ મારૂં નામ શું ?

છોકરો—હા સાહેબ બેચર મહેતાજી બેવકુફ.

(૨)

એક નાની છોકરી એક દીવસ રસ્તામાં ઉભી હતી તેવામા એક માણુસે તેને આવીને કહ્યું કે છોકરી તારે હમણાં એક નવો

બાપ આવ્યો. આ ખબર સાંભળી હરખમાં ને હરખમાં તે છોકરી બોલી ઉઠી કે મારી માને બીચારીને ખબર નહી હોય તેથી લાવ હું દોડતી જઇને તેને ખબર કહી આવું !

---

(૩)

માણેકજી શેઠ મરણ પથારીપર સુતા હતા તે વખતે તેમના એક નોકરે દવાને બદલે તેમને લખવાની શાહી પાઇ દીધી પછી તેને પોતાની ભુલ માલુમ પડી ત્યારે એ વાત તેણે શેઠને કહી ને તેની માફી માગી એ સાંભળીને શેઠે જવાબ દીધો કે એ વાતની કંઇ ફીકર નહી. લાવ બ્લોટીંગ પેપર (શાહીચુસ) નો કકડો મને ગળી જવા દે. વાહરે વાહ ! ! !

---

(૪)

જ્યારે શ્રીકૃષ્ણ રીછડીને પરણી લાવ્યા ત્યારે નારદ તેમને મળવા આવ્યા તેમણે મશ્કરીમાં કહ્યું કે મહારાજ તમે કન્યા તો બહુજ રૂપાળી લાવ્યા (! !)

ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે નારદજી એ વાત ભોંયમાં દાટવી જાહેર કરવી નહી. નારદે કહ્યું બહુ સારૂ મહારાજ પછી તેઓ ઘેર જઇને એક કોશ લઇને જાહેર રસ્તા ઉપર ખાડો ખોદવા લાગ્યા. તે જોઇને રસ્તે જતા આવતા લોકોએ પુછ્યું કે નારદજી આ શું કરો છો ?

ત્યારે તેઓ પુછનારાને જવાબ આપવા લાગ્યા કે શ્રીકૃષ્ણ રૂક્ષ્મણીને પરણી લાવ્યા છે તે વાતને અહીં ખાડો ખોદી ને દાટી દઉં છું.

---

(૫)

એક માણસ માંડવીની પોસ્ટ ઓફીસે પોતાનો કાગળ લેવા-ગયો. પોસ્ટ માસ્તરે પુછયું કે તારૂં નામ શું? ત્યારે તે બોલ્યો કે મારૂં નામ ? બાઇશાબ એતો કાગળ પર લખેલુંજ હશે તો ! એમાં મને શું પુછો છો ? મારા કાગળનું શીર નામું જુઓ એટલે તરત તમને ખબર પડશે. રંગશંકડા ! ! !

---

(૬)

એક મીયાં જાંબુના ઝાડ નીચે પડેલાં જાંબુ વીણી ખાતા હતા. તેવામાં ભોગજોગે એક ભમરો ફરતો હશે તેને મીયાંએ ઉપા-ડી મોમાં મુકયો એટલે ભમરો દાંત નીચે દબાતાં ચું કરી બોલ્યો એટલે મીયાં કહેવા લાગ્યા કે " સાલે ચું કરકે ચાં કર લેકીન મેરે મનતો જાંબુ " વાહરે અકકલના બારકોતરા.

---

(૭)

એક છોકરો એક વાજીંત્ર શીક્ષક પાસે " ફીડલ " શીખવા

ગયો. ફીકલ માસ્તરે પોતાની ફી વીષે કહ્યું કે " હું પહેલે મહીને ૭ રૂપીયા અને બીજે મહીનેથી બે રૂપીયા લઇશ. " આ સાંભળીને તે છોકરો બોલ્યો કે ત્યારે તો સાહેબ હું બીજે મહીનેથીજ દાખલ થવા આવીશ કે જેથી મારા ગરીબ માણુસના ઘરમાં જરા ફાયદો થાય. કેમ ખરૂં કે નહી સાહેબ ?

---

(૮)

આઠ વરસનો એક છોકરો કેટલીક મુદત થયાં નીશાળે જતો હતો તે એકવાર ઘેર આવી પોતાની માને કહેવા લાગ્યો કે મામાં હું નથી ધારતો કે મારા માસ્તર બહુ ભણ્યા હોય !

માએ પુછ્યું કે તેં એમ શાથી જાણ્યું બેટા ?

છોકરો—અરે તેને તો બધો વખત બધાં છોકરાંને પુછવું પડે છે. મને પણ આજે પુછ્યું હતું કે નર્મદા નદી ક્યાં આવી ? મા એમને એટલી પણ ખબર નહી હોય ?

---

(૯)

એક દીવસ એક નાનો છોકરો સવારમાં નાસ્તો કરવા માટે પોતાના દાદાને બોલાવવા ગયો. ઘરડો માણુસ ઉંઘતો હોય ત્યારે સ્વભાવીક રીતે તેનાં નાક બોલે છે, તેવી રીતે આ છોકરો જેવો તેના દાદાના ઓરડામાં ગયો તેવોજ તે નસકોરાંનો ઘોર અવાજ સાંભળીને ચમક્યો તેથી તે તરત પોતાની માને જઇને ફરીયાદ

કરવા લાગ્યો કે, મા, મા, મારા દાદા તો મારા સાથુ કુતરૂં ભસાવે છે !

---

(૧૦)

દીનશાહજી શેઠનો દીકરો ઘણો ઉડાઉ હતો તેણે એક દીવસે પોતાના બાવાજી પાસે ખરચી સારૂ થોડા પૈસા માગ્યા ત્યારે તેણે ચીડાઇને બુમ પાડી કે "અભાગીઆ તારો પગાર પણ તને પુરો પડતો નથી કે શું ? જ્યારે હું તારી ઉમ્મરનો હતો ત્યારે મારા બાપનું એક દોઢીયું પણ ખરચ્યું નહોતું" એ સાંભળી તે છોકરે જવાબ દીધો કે "તમારા બાપનું તો તમે કદાચ નહી ખરચ્યું હોય પણ મારા બાપનું તો તમે ખરચ્યું છે કે નહી ?" આ હાજર જવાબે સાંભળી દોરાબજી શેઠ ખુશી થયા, અને પોતાના પુત્રને થોડા રૂપીયા વાપરવા આપ્યા !!

---

(૧૧)

એક હસમુખા ભરથારે રસ્તામાં ઉભેલા એક ગધેડા તરફ આંગળી બતાવી ને પોત્તાની સ્ત્રીને પુછ્યું કે "આ તારો શો સગો થાય ?" બાયડીયે તરત જવાબ આપ્યો કે "મારા બાપનો વેવાઇ થાય" !!

---

(૧૨)

એકવાર વીરક્ષેત્ર " ભારતવિનાશ " નામના પત્રના એડી-ટર નામે લઘુલાલ ઉપર ઠગાઇ કર્યા બાબતનો કેસ ચાલતો હતો. મેજીસ્ટ્રેટે પુછ્યું " કેમ લઘુલાલ તમે શો ધંધો કરો છો ? "

લઘુલાલ " સાહેબ હું પેપરનો એડીટર છું " અને પત્રકારનો ધંધો ચલાવું છું "

મેજીસ્ટ્રેટ. " તમે મી. હરીભાઇનું ખીસુ કાતરી સ્પ્રીંગ વાળાં ચસ્માં તથા રૂપીયાનું પાકીટ તફડાવી ગયા હતા તે શું ખરી વાત છે ? "

લઘુલાલ—" ના સાહેબ હું એવો માણુસ નથી "

મેજીસ્ટ્રેટ" તેનો શો પુરાવો આપો છો ? "

લઘુલાલે પોતાના શીવરામ બેજનજી ટપાલ ફોડઉ તથા મુખત્યાર ચાચા મલ્હાવરાવને હાજર કર્યા.

બાદ વાદી તરફથી હાજર રહેલ બેરીસ્ટર મી. બાલુરામે તેના સાક્ષીને ક્રોસમાં પુછ્યું છે.

" કેમ શીવરામ જ્યારે લઘુલાલે તા. ૧૯ મી જુન સને ૧૯૧૦ ને ગુરૂવારે ખીસું કાતર્યું ત્યારે તમે ક્યાં હતાં ? " અને શું કરતા હતા ? "

શીવરામ " સાહેબ હું જમીને અબોટીયું પહેરી કોચપર બે-ઠો હતો (મેડાપર) "

બાલુરામ—" તે વખતે તમારી સાથે કોઇ હતું ? "

શીવરામ " હા સાહેબ મારો જીગરજાન દોસ્ત મી. મોતીરામ હા-જર હતો "

બાલુરામે—મોતીરામને બોલાવી તેને પણ કોસમ ાં પુછ્યું.

"કેમ મી. મોતીરામ તમે તા. ૧૬ મી જુન રવીવારે કયાં હતા ?"

મોતીરામ—" સાહેબ હું મારા ભાઇબંધ શીવરામને ત્યાં હતો "

બાલુરામ—"તમે ત્યાં હતા ત્યારે શીવરામ શું કરતો હતો ?"

મોતીરામ—" સાહેબ. તે જમીને અંબોટીયું પહેરેલું હતું તેમનો તેમ મેડાપર કોચમાં સુતો હતો.

બાલુરામ—શીવરામ સુતો હતો ત્યારે તમે શું કરતા હતા?"

મોતીરામે—" સાહેબ તે વખતે હું શીવરામની ટપાલ ફોડતો હતો તે શીવાય બીજું કઇ જાણુતો નથી "

ત્યાર બાદ બાલુરામે શીવરામને પુછ્યું કે " કેમ શીવરામ આ વાત ખરી છે કે ? "

શીવરામ—" હા સાહેબ તદ્દન સાચે સાચું મોતીરામે લખાવ્યું છે એમાં કંઇ ખોટું નથી. છતાં ખાતરી થતી ના હોય તો મારા મીત્ર મુખત્યાર વ્યાચામલ્હાવરાવ ત્યાં હાજર હતા તેમને પુછી જુઓ "

બાલુરામ—મલ્હારાવને પુછે છે કે

" કેમ મલ્હારાવ મોતીરામ અને શીવરામ બેઠા હતા તે વખતે તમે શું કરતા હતા ! "

મલ્હાવરાવ " સાહેબ તે વખતે હું છેટે બેશી રહ્યો હતો તે થોડીવાર પછી મારે ઘેર ગયો હતો. "

બાલુરામ—" તમે ઘેર કયારે ગયા હતા ? "

મલ્હારરાવ—" સાહેબ શીવરામની ઘડીયાળમાં આશરે ગણું વાગ્યા તે ગણીને મારે ટ્રેનપર જવું હતું તેથી તરત મારે ઘેર ગયો હતો એ શીવાય કંઇ જાણતોજ નથી. "

શીવરામ—" જુઓ સાહેબ હવે ખાતરી થઇ કે નહી હું તા. ૧૬ મીએ તો ઘેરજ હતો અને તેથી લખુલાલે ખીસું કાતર્યું ને તો હું જાણતોજ નથી. "

આવી રીતે કોર્ટમાં સવાલ પુછી મી બાલુરામ બેરીસ્ટરે લખુ-લાલની સાબીતી રદ કરી. અને વધુમાં મેજીસ્ટ્રેટને જણાવ્યું કે.

સાહેબ મહેરબાન લખુલાલ બીલકુલ લુચ્ચો માણસ તથા ફજલો સોફર છે. તેણે ઘણા માણસોને ફસાવ્યા છે. તેની સાબીતી વિશેષ-માં હું આપને આપું છું તેને માટે ગામે ગામ જાહેર ખબરોની-કળી છે. તેમાંની એકાદ હું આપને નીચે પ્રમાણે વાચી સંભળાવું છું.

લોકોને જાહેર ચેતવણી.

લખુલાલ છોટુલાલ રેવાશી વડોદરા શરાફ પોળ જેઓ કે " ગૃહસ્થ તરીકે પોતાને ઓળખાવે છે તેમને આ નોટીસથી જણાવુંછું કે મારી પાસેથી અવર નવર આશરે રૂ ૭૫) લઇ ગયા છો તેને માટે ઉઘરાણી કરતાં ખોટા જવાબ આપોછો તથા કંઇ પણ સંતોષ કારક જવાબ આપતા નથી, માટે આ નોટીસથી જણાવુંછું કે મારા રૂપિયા દીન ૪ ની અંદર આપી જવા નહી તો કાયદે સર ઇલાજ લઇશ. વિશેષમા આપ એક ગૃહસ્થછો અને સ્વધામ પહોચેલા.

" ભારત વિનાશ " ના મેનેજર તરીકે ઓળખાવીને લોકોને ફસાવવા માગો છો તેથી હું ફસાયોછું અને બીજા ગરીબ લોકો ફસાય નહી તેટલા માટે આ ખાસ ચેતવણી બહાર પાડું છું કે. આપે પહેલાં.

" ભારત વિનાશ નામનું પત્ર કાઢી લવાજમના નાણા પચાવી પાડી પેપર તમાસ હાલ પાસે પહોંચાડયું બાદ મુંબાપુરીમાં " એન. ભીખુભાઇની કંપની " ના નામનું કોલસાના વેપારી તરીકે નું પાટીયું મારી આંથી ઉઠાંતરી કરી. અને હાલમાં બીજું પત્ર કાઢી તેનાં પણ લવાજમના નાણાં ગુમ કર્યા. અને તેનાં છપામણી ચાર્જનો પણ પ્રેસના મેનેજર તરફથી દાવો થયો. તેમાં પણ હફતા કરવા પડયા. વળી નટપુર નામે ગામમાં " રાજવંશી એજંસીના " મેનેજર ને પણ રૂ ૧૭૫)ના ખાડામાં ઉતારો દઇ વગા દેસાઇ શંભુભાઇ પાસેથી પણ ઘીના ડબ્બા લઇ બારોબાર વેચી તેના પૈસા પણ હજમ કર્યા તેનો પણ નીકાલ કરવો પડયો. હવે હાલમાં " ધી રાજાધીરાજા ૨ જવંશી સ્ટીમ પ્રીન્ટીંગ પ્રેસ " એ નામની ખોટી દંભીક કંપની ઉભી કરી લોકોના શૅર ભરાવી નાણાં ખાઇ જવા વીચાર કર્યો છે. પણ હું લોકોને જણાવું છું કે કોઇ પણ માણસ સદરહુ માણસથી ચેતીને ચાલજો અને તેનાથી ફસાશો નહી, એજ.

તા—૩૦—૧૨—૦૮ લી. ત્રવાડી બાપુલાલ મી. બાલુરામ ચેતવણી વાંચી સંભળાવી મૅજીસ્ટ્રેટને કહેવા લાગ્યા કે " સાહેબ આ માણુસ આવો ઉઠા ઉગીર છે. હવે આપને એને માટે કેવો પુરાવો જોઇએ ? "

મૅજીસ્ટ્રેટની ધ્યાનમાં વાત સાચી જણાઇ અને કેસનો ફેસલો આપી જણાવ્યું. કે. લખુલાલને ૨ વરસની સજા તથા ૨ હજાર દંડની શીક્ષા કરી છે. લખુલાલ ફીગ થઇ ગયો અને મૅજીસ્ટ્રેટને કહેવા લાગ્યો કે સાહેબ મારાપર જરા મહેરબાની રાખો એક વાર તો સાહેબ મુંબાઇમાં મારી બાયડી વેચી ૨ હજાર દંડ પુરા કર્યા

હતો. અને પછીથી. મારો હીરા જેવો ભાઈ જેને દયા આવવાથી બાયડી છોડાવી લાવ્યો છે તે ફરી કહો તો આપની પાસે મારી બાયડી મુકી જાઉં બીજો તો ઇલાજ નથી. આ સાંભળી મેજીસ્ટ્રેટને ઘણુંજ હસવું આવ્યું ને બોલ્યો કે. વાહ લઘુલાલ વાહ અત્યાર સુધી એવી કહેવત હતી કે "પાઘડી વેચી સુખડી ખાધી" પણ હવે એમ કહેવું પડશે કે "બાયડી વેચી સુખડી ખાધી" લઘુલાલ બહુ સારો ઇલાજ ખોળી કાઢયો છે.

છેવટે મેજીસ્ટ્રેટને દયા આવવાથી દંડ માફ કર્યો અને કહ્યું કે જા લઘુલાલ તારો દંડ માફ કરૂંછું એમ કહી સીપાઇને હુકમ. કર્યો કે " ખોશી ઘાલો આ ઉઠાવગીરને જેલમાં અને ઉપડાવો પાણીનાં મટકાં."

લઘુલાલ નીચી ગરદને પેઠા મોસાળમાં ! ! !

---

(૧૩)

એક માણસ એક રાતે પોતાના દોસ્તને ત્યાં જમવા ગયો હતો. જમી રહ્યા પછી વરસાદ ઘણો આવ્યો અને ગાજવીજનું તોફાન પણ ઘણું થવા માંડયું તેથી ઘરધણી પોતાના મીત્રને કહેવા લાગ્યો કે આવા અંધારા ને વરસાદમાં તું કયાં જઇશ? માટે આજની રાત મારે ઘેર સુઇ રહેજે કેમકે હવે વરસાદ રહે તેમ લાગતું નથી. રસ્તામાં પાણી પણ ઘણું છે. તેથી તેણે તે વાત કબુલ રાખી. થોડીવાર પછી તે એકાએક ગેબ થઇ ગયો. તેથી ઘરમાં ગોતાગોત, થઇ રહી કે મેમાન કયાં ગયો? એટલામાં તે

પાણીથી ભીંજાએલો હુંઠવાતો પાછો આવ્યો પછી ઘરધણીએ પુછ્યું કે "તું ક્યાં ગયો હતો ?" ત્યારે તે પોતાના પંડપરનું પાણી લુછતાં લુછતાં બોલ્યો કે હું જરા દોડતો મારી બાઈડીને કહેવા ગયો હતો કે આજે વરસાદ ઘણો છે તેથી મારાથી ઘેર અવાશે નહી, માટે રાહ જોતી ના !!! વાહ અક્કલના ખાં વાહ !!

---

(૧૪)

મહેતાજી—નાગરદાસ એક બદામમાંથી અરધી તને આપું પા છગનલાલને આપું અને પા જયશંકરને આપું તો બાકી શું રહે ?

નાગરદાસ—છોડું સાહેબ.

---

(૧૫)

નાગરપુરની એક નીશાળમાં બે નાના છોકરા પોતપોતામાં ધીમે ધીમે વાત કરતા હતા તેમાંનો એક બોલ્યો કે અલ્યા મણીઆ આપણા મહેતાજીને જાણે કોઇ પીસ્તોલ મારેતો કેવી મજા પડે. એ સાંભળીને મણીયાએ જવાબ દીધો કે બહુ મજા પડે અને એ સાથે નીશાળમાં જો આગ લાગે તો હંમેશની પીડાજ પતી જાય ! ! !

---

(૧૬)

જુનાગઢમાં ચુનીલાલ શેઠનો ચાકર મનીઓર્ડર કરાવવા ટપાલ ઓફીસે ગયો મનીઓર્ડરના ફોર્મમાં તે શેઠની સહી થયેલી નહોતી તેથી પોસ્ટ માસ્તરે કહ્યું કે " સહી ક્યાં છે ? " જા જલદી શેઠની સહી લઇ આવ વખત પુરો થવા આવ્યો છે.

એ સાંભળીને તે ચાકર તુરત દુકાન બાજુ દોડયો અને શેઠનો રૂશનાઇનો શીસો ઉપાડી લાવીને બોલ્યો કે " લાવો માસતર સાબ તમારો ખડીયો શાહી પુરી આપું. "

---

(૧૭)

ઉતારૂ—સાહેબ વ્હાણ પર હું કાંઇ ભુલી ગયો હઉં એમ જણાય છે.

વ્હાણનો ઉપરી—સાહેબ આ તમારો કોથળો આ કંડીયો ને બે પેટીયો છે.

ઉતારૂ—હા બરાબર અને તો પણ કાંઇ રહી ગયું હોય એમ જણાય છે. મારા કુલ પાંચ દાગીના હતા અને આતો ચાર થાય છે.

વ્હાણનો ઉપરી—આલો સાહેબ ઉતાવળ કરો કાંઇ રહી ગયું નથી. તમારી બાયડીને અહીં બોલાવો અને મછવામાં બેસી ઉતરી પડો.

ઉતારૂ—હા હા યાદ આવ્યું ખરેખર મારી બાયડીનેજ હું ભુલી ગયો હતો, હવે દાગીના મળી ગયા (કેવો માયાળું ધણી)

---

(૧૮)

શેઠે પુછયું " અલ્યા મજુર પાવડો ક્યાં છે ? "

મજુર—" કોદાળી પાસે સાહેબ "

શેઠ—" અને કોદાળી ક્યાં ? "

મજુર—" પાવડાની પાસે "

શેઠ—" અને એ બંન્ને ક્યાં છે ? "

મજુર—" બંન્ને સાથે છે સાહેબ "

---

(૧૯)

ભીખારી—" મુરબ્બીજી ગરીબને કાંઈ બક્ષીસ ? "

ગૃહસ્થ—" આવડું મોટું ડીલ ધાલી ભીખ માગતાં તને શું શરમ નથી આવતી ? હું ધારૂં છું કે તું કામ કરવાને પુરતો શક્તિવાન છે. "

ભીખારી—" શેઠ સાહેબ હું આપની પાસેથી શીખામણ માગવા નથી આવ્યો હું તો ભીખ માગવા આવ્યો છું. "

---

(૨૦)

વીરપુરમાં એક આદમીએ ઇ. સ, ૧૯૦૫ ની સાલમાં નીચે મુજબ મરતી વખતે પોતાનું વસીયત નામું કર્યું હતું.

" મારી પાસે ફુટી બદામ નથી. અને ઘણા લોકોનું મારે

કરજ છે. બાકી જે રહ્યું તે હું ગરીબ ગરબાને આપી જઉં છું."

---

(૨૧)

એકવાર ગામને પાદર થઇને રાતની વખતે હાથી ગયો હશે તેનાં પગલાં ધુળમાં પડેલા જોઇને સવારે બધા લોકો વિચારમાં પડયા કે આવાં મોટાં થાળ જેવડાં નીશાન શાનાં હશે! એકે બીજાને પુછયું બીજાએ ત્રીજાને પુછયું એ પ્રમાણે આખા ગામમાં વાત ફેલાઇ પણ તેમાંથી કોઇને કાંઇ સુઝયું નહી. પછી તેમાંથી કોઇએ કહ્યું કે એ વીશે ચાચાજાનને પુછશો તો તે તેનો ખુલાસો કરી શકશે. એ ઉપરથી બધું ધાડું જઇને ગામને પાદર ચીચીજાનને તેડી લાવીને તે બતાવ્યું, અને પુછયું કે ચાચા જાન. એ કયા હોયગા મીયાં! ચાચાજાન કલાક એક વીચાર કરીને બોલ્યા તુમ કીસીકું એ સમજ નહીં પડા! ચીચાજાનકું તો માલુમ હે તો. સુણો ભાઇ.

જાણે તો ચાચાજાન જાણે, ઔર ન જાણે કોઇ.
ગલેમેં ચક્કી બાંધ કે, હીરણ કુદી હોઇ.

કે ગળામાં ઘંટીનું પડ બાંધી તે સુબ્બાં હરણ દોડેલુ હશે. ને ઘંટીનું પડ ધુળમાં લાગ્યાથી એ નીશાન પડયાં છે.

વળી કોઇએ રસ્તામાં પત્થરનું પૈડું પડેલું દીઠું હશે તે એ સમજ્યો નહી તેથી. તેણે જઇને અહમદમીયાં ને પુછયું. અહમદભાઇએ કયા? અહમદભાઇએ ઇસ્માલભાઇને પુછયું. અને ઇસ્માલભાઇએ આદમભાઇને પુછયું એમ કરતાં પાછું આખું ગામ ત્યાં

બેઠું થઈ ગયું પણ કોઇ તેમાં ચતુર નર નીકળ્યો નહી, કે તેમને ઠેકાણે લાવે, પાછા ચાચાજાનને બોલાવ્યા ચાચાજાન તે જોઇને બોલ્યા. કે.

બુજે તો ચાચાજાન બુજે, ઓર કયા કહેની કાહની
આકાશમેંસે અધ્ધર ગીરી, અલ્લામીયાં કીસુ સુરમાદાની

ચાચાજાન તો જાણુતેં હેં તો ભાઈ કે એ આકાશમેંસે અધ્ધર પડી હે ઓર એ ખુદાકી સુરમાદાની હે. એટલે કે આપણે માણસો જેવાં નાના જીવો પાતળી સળીયે કરીને સુરમો આંજીએ છીએ. તો પરમેશ્વર આપણાથી બહુજ મોટો છે. તેને આવી મોટી સુરમાદાની હોય તેમાં શી નવાઈ? અબ તુમ સબ સમજે ભાઈ? કેવા અક્કલના સાગીન ચાચાજાન હશે!!!

---

(૨૨)

એક વ્હાણનો દાકતર હંમેશાં ખલાસીઓ ને કોઇ પણ દરદ ઉપર દરીયાનું પાણી પાતો હતો. એક દહાડો અકસ્માતથી તે દરીયામાં પડી ગયો તેને જોઇને એક ખલાસી પોતાના બીજા સોબતીઓને કહેવા લાગ્યો કે અરે જુઓ જુઓ રે આપણો દાક્તર પોતાની દવાની પેટીમાં પડયો છે!!!

---

(૨૩)

એક ગામમાં માણસો મરે તેને ઉચકવાને ચાર કાંધીઆ રાખ્યા હતા અને તેમના મહેનતાણા માટે એમ ઠરાવ્યું હતું કે દર મહીને ઘર દીઠ અકેક પૈસો આપવો આ મુજબ એકાદ વરસ ચાલ્યું પછી તે કાંધીઆઓ એકવાર ત્યાંના હીરાપટેલને ત્યાં પોતાના પૈસા ઉઘરાવવા ગયા ત્યારે પટલાણીયે પટેલને કહ્યું કે આ પીટયાઓને એક વરસ થયાં હરામના પૈસા શું કરવા આપવા-વો છો ? તેઓ આ ગામમાં આશરે બસેં માણસેં ઘેર કામમાં આવ્યા હશે પણ આપણે ત્યાં હજી તેઓ એક પણ દીવસ કામમાં આવ્યા નથી. કામમાં આવતા હોત અને પૈસા આપીએ તો જાણે ધુળ નાખી. પણ આતા મફતના પૈસા આપણે શાના આપીયે ? જુઓ અક્કલનો નમુનો.

---

(૨૪)

એક વખતે કેટલાક ગામડીયા દોસ્તો વાતો કરતા હતા એમ કરતાં ચોપડીયો ઉપર વાત નીકળી એકે કહ્યું કે ફલાણો માણસ ઘણી ચોપડીયો કાઢે છે ત્યારે બીજાએ કહ્યું કે ફલાણો વિદ્વાન એથી પણ વધારે પુસ્તક છપાવે છે. એટલામાં તેમનો એક જણ બોલી ઉઠયો કે “સમાપ્ત” એ સૌથી મોટો ગ્રંથકાર જણાય છે, કેમકે એનું નામ બહુ ચોપડીયો પર મારા જોવામાં આવે છે. ! !

---

(૨૫)

લંડનના એક પાદરીયે પોતાના એક મીત્રને એકવાર નીચે પ્રમાણેની ચીઠ્ઠી લખી હતી.

મારા પ્યારા જૉન.

મારી સ્ત્રી મરણ પામી છે. પણ હું હમણાં ઘણા જરૂરી કામમાં રોકાયો છું, માટે તેણીને જુમી દાહ કરવાની ક્રીયા કૃપા કરી મારી વતી તમે કરજો એના બદલામાં જ્યારે તમારી બાયડી મરણ પામશે ત્યારે એનો બદલો મોટી ખુશીથી હું વાળી આપવાને ચુકીશ નહીં. એ ખાતરી માનજો. એજ લી. તમારો સાચો સ્નેહી

વૅલીંગ ટન.

---

(૨૬)

બાઈડીથી કંટાળેલો એક ધણી એકવાર છુટા છેડા કરનારી કચેરીમાં ગયો અને ત્યાં પોતાની સઘળી જુબાની આપી રહ્યા પછી તે બોલ્યો કે જડજ સાહેબ જો માંરૂં કહેવું સાચું માનતા ના હોતો પાંચ દહાડા મારી બાયડી સાથે તમે રહી જુઓ એટલે તમારી ભલા સુધી ખાતરી થશે !!

---

(૨૭)

કોઇ એક માણુસ કહે છે કે જ્યારે મારો માત્ર વીવાહ થયો

હતો ત્યારે હું મારે માસરે ઘણીવાર મળવા જતો હતો, અને ત્યાંથી રાતના દશ વાગે ઉઠતો ત્યારે મારી વહુ કહેવરાવતી કે એટલા-બ્હેલા જઇને શું કરોછો? કંઇ લગીગની વખાર લુંટાઇ જાય છે? પણ હવે પરણ્યા પછી રાતે આઠ વાગે ઘેર જઉંછું તો પણ તે કહે છે કે. આટલા બધા મોડા કેમ આવ્યા? તેનું કારણ શું? એ કોઇ કહેશો સાહેબ?

---

(૨૮)

એક છોકરો સવારે ઘણોજ મોડો ઉઠતો હતો તેને કાંઇ અ-સર થશે એમ ધારીને એક દીવસ તેના બાપે કહ્યું કે દીકરા બ્હેલા ઉઠવામાં ઘણો લાભ થાય છે, આજે મોહનજી શેઠનો દીકરો બ્હેલો ઉઠયો હતો તેને એક રૂપીયાથી ભરેલી થેલી જડી હતી એ સાંભ-ળીને તે છોકરો બોલ્યો કે એ ખરૂં બાપા પણ થેલી ખોનારો મા-ણસ એ કરતાં એ વહેલો ઉઠયો હશે. બ્હેલા ઉઠવાથી એ બાપડા-ની થેલી ખોવાઇ. તેનો બાપ બીચારો એનો જવાબ સાંભળી ચુપ થઇ ગયો!

---

(૨૯)

એકવાર એક ફળીયામાં કેટલાંક છોકરાં મધ ખાતાં હતાં તે-વામાં રસ્તે જતા મલ્હારરાવચાચા આવીને છોકરાંને પુછવા લાગ્યા

કે " ભાઇ તમે આ શું ખાઓછો ? ત્યારે છોકરાં બોલ્યાં કે ', ચાચા હમે તો મધ ખાઇએ છીએ એમ કહી છોકરાંએ થોડું ચાચાના હાથમાં આપ્યું. ચાચા પણ મધ ચાટવા માંડયા. અને ખુશી થતા થતા બોલ્યા કે છોકરાં આ કયાં થતું હશે !" છોકરાં બોલ્યાં કે ચાચા એની નીશાની એટલીજ કે જ્યાં માખોનો જથો એકઠો થયો હોય તેમાં મધ હોય. આ નીશાની ધ્યાનમાં રાખી એકવાર કંઇ જતા હતા તેવામાં એક જગાએ કોઇ નાનું છોકરૂં ઝાડે ફર્યું હતું ત્યાં ઘણી માખો બેઠી હતી ત્યાં મલ્હાવરાવચાચા ફરતા ફરતા આવી ચઢયા અને માખોનો જથો જોઇ મધ સાંભરી આવ્યું. તે-થી ચડપ માખો બેઠી હતી તેમાં આંગળી ખોશી ચાટવા લાગ્યા. આંગળી મોંમાં મુકતાંજ ચાચા થુથુ કરી કહેવા લાગ્યા કે " સાલે છોકરેં ને ખાના ખરાબ કીયા અલ્લાહતો બાહ થુથુથુ " વાહ મલ્હાવરાવ ચાચા, મધનો સ્વાદ તો ઠીક ચાખ્યો.

---

(૩૦)

એક શેઠે પોતાના છોકરાને કાગળ તથા બે પૈસા આપીને કહ્યું કે " લે આ બે પૈસાની ટીકીટ લઇ કાગળ પર ચોંઢી નાખી દેજે. થોડીવારમાં તે છોકરો પાછો આવી પોતાના બાપના હાથમાં બે પૈસા મુકી હરખાતો હરખાતો કહેવા લાગ્યો કે. બાપા બાપા એક પોસ્ટ માસ્તર કોઇની સાથે વાત કરતા હતા ને તેવામાં હું ઝટ કાગળ પેટીમાં છાને માને નાખીને આવતો રહ્યો કેમ આ કમાઉ દીકરાએ પોતાના બાપને કેવો ફાયદો કર્યો ?!!

---

(૩૧)

એક માણુસની ઘરવાળી મરણ પામી ત્યારે તે ઘસ ઘસાટ ઉંઘતો હતો તેથી એક માણુસે તેને જગાડીને કહ્યું કે " અલ્યા જલદી ઉઠ તારી બાયડી મરણ પામી છે. એ સાંભળીને તે માણુસે આંખો ચોળતાં ચોળતાં જવાબ આપ્યો કે " બાપલીઆ બહુ ખોટું થયું પ્રભાતના પહોરમાં બહુ દીલગીરી થશે. તથા રડવું આવશે એમ કહીને પાછો તે પોઢી ગયો.

---

(૩૨)

એકવાર એક મકરાણી દાઢી મુડાવી અબોટીયું પહેરી ઓદીચની નાતમાં જમવા ગયો. તેવામાં તેની કાછડી નીકળી ગઇ. તે માંડમાંડ ચાલતો હતો. તેથી એક જણને શક પડવાથી તેણે પુછ્યું કે " અલ્યા તું કોણ છે ? "

મકરાણી કહે—" તું કોણ છે. "

ઓદીચ્ય. કહે—" હું તો ઓદીચ્ય છું "

મકરાણી—" મેં બી ડીચ હું "

ઓદીચ કહે—" તારૂં ગોત્ર શું ? "

મકરાણી કહે—" મારૂં ગોત્ર મુકરાણ "

આ સાંભળી પેલાએ ધક્કા મારી તેને બ્હાર કાઢયો આના જેવા ઘણા દાખલા બને છે,

---

(૩૩)

એક જુવાન વિદ્યાર્થી પરિક્ષામાં દાખલ થયો પણ પાસ થયો નહીં તેનાં માબાપ તેની પરિક્ષાનું પરીણામ જણવાને ચિંતાતુર હતાં તેથી તે છોકરે તેમને તારમાં ખબર આપી કે.

" પરીક્ષા ભભકાદાર, શીક્ષા ગુરૂઓ ઉત્સાહી ઑગસ્ટમાં તેઓ બીજીવાર પરિક્ષા લેવાનો ઇરાદો રાખે છે. એટલે ચીંતા જેવું નથી.

---

(૩૪)

એક વખત એક ગૃહસ્થ અને તેના દીકરાને કજીયો થયો ત્યારે તેણે તેના દીકરાને કહ્યું કે " છોકરા હું ઘણો દીલગીર છું કે તું આવો ઉડાઉ નીકળ્યો. મારા બાપે મેળવેલા પૈસા તું બહુ છુટ-થી ઉડાવી દેછે. " તે સાંભળીને એ છોકરાએ જવાબ દીધો કે " ખરેખર પીતાજી તમે મને બહુજ નુકશાન કીધું છે. કારણ કે જો તમે વચમાં ના અવતર્યા હોત તો મારા દાદાનો સઘળો વારસો મને મળત. " વાહ અક્કલના દુશ્મન.

"ટૉપેઝી"

કંઇ પણ નથી.

ટૉપેઝી—બુઢ્ઢાઓને જુવાન બનાવતી નથી.
ટૉપેઝી—સાજાને માંદા. અને માંદાને મરેલા ધારતી નથી.
ટૉપેઝી—અશક્ત પુરૂષો માટે અમૃત નથી.
ટૉપેઝી—ચાલુ પધતિ મુજબની ટૉનીક મીલ્સ નથી.
ટૉપેઝી—પાવડર. કે તેલ કાંઇ બી નથી.
ટૉપેઝી—આમ નથી ને તેમ બી નથી.

ત્યારે !! ટૉપેઝી !! શું છે?

—ફક્ત સ્ત્રીઓની ખાસ દવા—

(સરબત રૂપે)

ગર્ભાશયના વ્યાધી મટાડી સ્ત્રીઓને તન્દુરસ્ત બનાવે છે. અટકાવ. ગર્ભશ્રાવ. કસુવાવડ. છોડ. તથા પ્રદર. ધુપણીના રોગોને શોધી સુધારી. સંતાન પ્રાપ્તી આપે છે.

ટૉપેઝી. વ્યંધત્વપણાને ખાસ મટાડે છે,

ટુંક સમયના સેવનથી ચોકસ ફાયદો. પામેલી સ્ત્રીઓનાં સરટીફીકેટ જોવા માટે ખુલ્લાં છે. કીંમત રૂ ૧ પા પો. સાથે સોલ એજંટસ

મેસર્સ કંથારીઆ બ્રધર્સ—નડીયાદ.

બુલ બુલે બ્હાર.

એટલે.

સંગીત શાસ્ત્રના શોખીનો માટે અમૃત. કંઠને સુધારે છે.

કોયલ જેવો મધુર બનાવે છે. ગળાના દર્દો મટાડે છે.

એવી એકજ દવા. માત્ર.

બુલ બુલે બ્હાર.

કીંમત. ૧ શીશીનો રૂા. ૧) ત્રણના રૂા. ૨ા પો. જુદુ.

બુલબુલે બ્હાર.

પંડીતો, કવીઓ, વિદ્યાર્થીઓ, માસ્તરો, ભાષણ કર્તાઓ, નાટકના એકટરો, વ્યાસજી માણ ભટીઆઓ. ટેલીઆઓ. અને ફેરીઆઓ કે જેઓનાં ધંધો ઘાંટા પાડી બોલવાનો છે. અને જેઓને સારા કંઠની જરૂર છે. તેવા હરેક દરેક બાળક, સ્ત્રી. પુરૂષો માટે ખાસ કામની છે.

વાપરવાની રીત શીશી સાથે } સરનામું
કંથારીયા બ્રધર્સ—નડીયાદ.

વાળ કાઢવાના સાબુ

ચામડી બળતી નથી.

કાળી પડતી નથી !! ઈજા પ્હોંચતી નથી.

રાજવંશી સાબુ.

દુનિયામાં પ્રથમ પંક્તીનો. અને પ્રથમ બનેલો છે. જેનું અંગ્રેજીમાં નામ. રોયલ વન્ડર સોપ છે.

ROYAL WONDER SOAP.

નકલી સાબુઓથી સાવચેત !! નકલો નીકળી છે.

વાળ કાઢવાનો કોઇ પણ સાબુ લેવા જતાં.

રૉયલ વન્ડર સોપ.

રાજવંશી વીચીત્ર સાબુનીજ માગણી કરવી,

રોયલમાં સઘળા સાબુઓનો સમાવેશ થાય છે.

રોયલ એટલે બાદશાહી, રોયલ એટલે શહેનશાહી, રોયલ એટલે અમીરી, રોયલ એટલે દરબારી, રોયલ એટલે સઘળું.

કીમત ત્રણ સાબુના બાકસનો રૂ. ૦ા વી. પી. થી. ૦ાા એક ડઝન સાબુના રૂ. ૨) વી. પી. થી. રૂ. ૨ા

સરનામું. ધી રોયલ એજન્સી—નડીયાદ.

ચકચકીત દાંત.

સુગંધમય મ્હોંડું !!   મજબુત હાડ. !!

ઇન્ડો હામી ગાર્ડી.

નામના. હીન્દુ સ્થાની દંતમંજનોના રાજા તરીકે વખાણ પામેલા દંતમંજનથી દાંત ઉજળા થાય છે; દાંતના પારામાંથી વહેતું લોહી બંધ થઇ દાંત મજબુત અને નીરોગી બને છે. હાલતા દાંત પણ સજ્જડ થાય છે.

દાંત ઘસાવવાની જરૂર નથી.

ઇન્ડો હામી ગાર્ડી ા એક બે દીવસના વપરાશથી અજાયબી પમાડે તેવો સુધારો દાંતના દર્દીઓએ મેળવેલો છે. સેંકડો સર્ટીફીકેટ મળ્યાં છે. કીમત. ત્રણ શીશીનો રૂા ૧) ડઝનની રૂ. ૪) ખર્ચ સાથે પોષ્ટેજ જુદુ.

છુટક ૧ શીશીની કીમત ૭ આના પોસ્ટેજ જુદુ.

સરનામું.

મેસર્સ કુંથારીઆ બ્રધર્સ—નડીયાદ.

માથાનો દુખારો. આદાશીશી.

ષંઢત્વપણું વીર્યવીકાર.

અથવા તો.

સંધીવા. લકવા. અર્ધાંગીવા. નસોની કમજોરી. ઈંદ્રીદોષ. ધ્વજ ભંગ નામર્દાઇ. અને તેવાજ દર્દો ઉપર.

રમઝમ બામ.

અવશ્ય માલીશ કરવા ચુકવું નહીં. માથામાં ચકકર આવવાં, તથા મગજના (ભેજાના) દર્દોમાં ખાસ.

રમઝમ બામ.

વાપરવા યોગ્ય છે. ઝેરી જંતુઓના ડંખ ઉપર ચોપડવાથી તરતજ ઝેર ઉતરી જાય છે. રમઝમ બામનો બ્હોળો ઉઠાવ, તેની સચ્ચાઇની સાબીતીને માટે બસ છે. કીમત ૧ શીશીના રૂા ૨) ત્રણના રૂા. ૫)

સરનામું. રમઝમ ડીપો.)—નડીયાદ.

હયો ! ચાલો ! હવે !

સઘળી પીડા પતી ગઈ. ! !

સવાર, બપોરને, સાંજ, ચ્હાવીના ચાલે નહીં, અને ચ્હાતો જોઇએજ જોઇએ. તો હયો ! ! લઇ હયો.

તૈયાર ચ્હા.

સુંઠ. મરી. ફુદીનો. ઇલાયચી. તજ સાકર. વીગેરે કંઇ પણ ચીજની હવે જરૂર નથી. ફક્ત ઉનાપાણીમાં થોડી ચ્હા નાખી તેમાં દુધ રેડવું એટલે ચ્હા તૈયાર.

વૈધક શાસ્ત્ર પ્રમાણે બનાવટ.

તૈયાર ચ્હા. વિધીપુર્વક તૈયાર થતી હોવાથી. તેમાં બીજી ચ્હાની માફક. નુકશાન કરનારૂં તત્વ નથી. ઝાડો સાફ લાવે છે. મગજ શાન્ત કરે છે. લહેઝત આપેછે. આ ચ્હા વાપરનારાઓ બીજી ચ્હા વાપરવી ભુલી ગયા છે. કીંમત ૧ ડબાનો રૂ. ૧।. પો. જુદુ

સરનામું. કંથારીઆ બ્રધર્સ—નડીઆદ.

તમારા ફાયદાની વાત.

દરેક ચીજ માત્ર ૧) રૂપીયે ડઝન. પો. જુદુ.

૧) **તામ્બુલ વીહાર.** પાનનો મશાલો કાથા ચુનાની જરૂર નથી સુગંધીમાં સરસ છે. ૧ ડઝનના ૧ પેકેટનો રૂ ૧)

૨) **સાંઢાનું તેલ** નાની શીશીઓ. વા, તથા નસોની કમજોરી પર અકસીર ઇલાજ. રૂ ૧) માં ડઝન.

૩) **સેકેરીન** વીલાયતી ખાંડનું સત્વ સાધારણ ખાંડ કરતાં ૧૦૦ ગણી મીઠી રૂ ૧) ડઝન

૪) **મુછ વર્ધક તેલ.** દાઢી મુછો અને માથાના વાળ વધારનાર આ સુગંધી તેલથી કોઇ અજાણુ નથી. ૧ ડઝનનો રૂ ૧)

૫) **વાળ કાઢવાની ભુકી.** ૧ રૂપીયે ડઝન શીશીઓ.

૬) **વાળ કાઢવાના સાબુ** ૧ રૂપીયે ડઝન. નાની ડબીઓમાં.

૭) **ગુપ્ત શાહી** આ શાહીથી લખેલું પ્રથમ વંચાતું નથી પણ અગ્ની ઉપર ધરવાથી સાફ વંચાય છે. ડઝન શીશીનો રૂ ૧)

૮) **જુલાબની ગોળીયો** ૧ ડઝન શીશીઓનો રૂ ૧)

૯) **અંગ્રેજી અત્તર** ૧ ડઝનનો રૂ ૧)

૧૦) **સુગંધી હેર ઑઇલ.** ૧ ડઝનનો રૂ ૧)

૧૧) **દાદરની દવા.** ૧ ડઝનનો રૂ ૧)

૧૨) **ખરજવાની દવા** ૧ ડઝન ડબીનો રૂ. ૧)

૧૩) **ખીલની દવા** ૧ ડઝન શીશીઓનો રૂ ૧)

૧૪) **કપડાં પર નામ લખવાની શાહી.** ડઝન શીશીનો રૂ ૧)

દરેક ચીજનું પોરટેજ જુદુ. ડઝનથી ઓછે મળશે નહીં.

સરનામું.—કુંથારીઆ બ્રધર્સ.—નડીઆદ.

ફુલનો બગીચો.

અત્તરનો હોજ !!   સુગંધીનો મ્હાસાગર !

રમઝમ હેર ઓઇલ.

માથામાં નાખવાનું સુગંધીદાર તેલ. કીં. રૂ. ૧) પો. જુદુ.

અત્તરનો ફુવારો.

રમઝમ હેર ઓઇલની શીશીમાં સમાયલો છે. ગમેતેવા ગલીચ રસ્તામાં પણ **રમઝમ હેર ઓઇલની** સુગંધીથી અતરની મીઠી મઝા માણી શકાય છે. જાણે ઇંદ્રકાન, દેવતાઇ બગીચો, ખીસામાંજ.

રમઝમ હેર ઓઇલ.

સુગંધી માટેજ નહીં. પણ. તેના ઉતમ ગુણને માટે ખાસ ઘેર ઘેર વપરાય છે. વાળને લાંબા કાળા અને સુંવાળા બનાવવા ઉપરાંત ખરીજતા વાળને પણ અટકાવે છે. નકલો ઘણી નીકળી છે. રમઝમને બદલે બીજો નકલી માલ ભુલ્યે ચુકયે લેતા નહીં.

૧ શીશીની કીંમત રૂ. ૧) ડઝન શીશીઓના રૂ. ૧૦)

સરનામું. રમઝમ ડીપો.—નડીયાદ.

કાળા હબશીઓ.

પણ

ગોરા ગફૂર થઇ જાયછે.

તે વાત અશક્ય છે. છતાં એટલું તો ખરૂંજ છે કે. રોયલ વિ-
કટોરીઆ એજન્સી. નડીયાદની બનાવેલી રામબાણ ખીલની દવા.

સુંદર શૃંગાર.

ચ્હેરાને ખુબસુરત બનાવે છે. કદરૂપો ચ્હેરો સુંદર
અને લાલીમય દેખાય છે. ખીલ મટે છે એટલુંજ નહીં પણ
ફરીથી ખીલ થવા પામતા નથી. કીંમત માત્ર રૂ. ાા. ત્રણ શીશીની
કીંમત રૂા. ૨) પો. જુદુ.

સરનામું.

ધી. રોયલ વિકટોરીઆ એજન્સી.

નડીયાદ.

અમદાવાદ પીરમશા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં

લલ્લુભાઇ ઇશ્વરભાઇ ત્રિવેદીએ છાપ્યું.